પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૬૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૫-૦૩-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 163 PRICE :-RS. 1.50 DATE : 05-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ જાહેર, ૧૧૧ શહેર સર્વેમાં સામેલ થયા

## દેશમાં રહેવાલાયક સૌથી શ્રેષ્ઠ શહેરોમાં ગુજરાતના ત્રણ શહેરોનો સમાવેશ

ન્યુ દિલ્હી,

ઈઝ ઓફ લિવિંગ એટલે કે રહેવા લાયક દેશના સૌથી શ્રેષ્ઠ શહેરોની યાદી જાહેર કરાઈ છે. ગુજરાતના ત્રણ શહેરો સામેલ થયા છે. ભારત સરકારે જારી કરેલા લિસ્ટમાં ટોપ ટેનમાં દેશના મેટ્રો સિટીમાં બેંગ્લોર સૌથી શ્રેષ્ઠ અને ઓછી વસ્તી ધરાવતાં શહેરમાં શિમલા નંબર ૧ પર છે. જ્યારે અમદાવાદ ટોપ ટેનમાં ત્રીજા નંબરે છે. સુરત પાંચમા, વડોદરા આઠમા નંબરે છે. આ સિવાય પૂણે બીજા નંબરે, ચેન્નઈ ચોથા, નવી મુંબઈ છઠ્ઠા, કોઈમ્બતૂર સાતમા ઈન્દોર નવમા અને ગ્રેટર મુંબઈ દસમા સ્થાને છે. ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સ અને મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્સ ૨૦૨૦માં જાહેર કરાયેલી યાદીમાં સમાવિષ્ઠ છે

જ્યારે દેશની ટોપ મ્યુનિસિપાલ્ટીઝમાં ગુજરાતના ત્રણ શહેરો સામેલ થયા છે. ભારત સરકારે જારી કરેલા લિસ્ટમાં ટોપ ટેનમાં સુરત બીજા, અમદાવાદ છઠ્ઠા અને વડોદરા ૧૦મા સ્થાને છે. દેશમાં ટોપ પર ઈન્દોર છે. જ્યારે ત્રીજા સ્થાને ભોપાલ, ચોથા સ્થાને પીંપરી ચીંચવાડ, પાંચમા સ્થાને પૂણે, સાતવા સ્થાને રાયપુર, આઠવા સ્થાને ગ્રેટર મુંબઈ અને નવા સ્થાને વિશાખાપટ્ટનમ છે.

ઈઝ ઓફ લિવિંગના કેસમાં દેશના મહાનગરોમાં બેંગલુરુ સૌથી સારુ અને ઓછી વસ્તીવાળા શહેરમાં શિમલા નં-૧ છે. આ પ્રમાણે દિલ્હીનો ક્રમ ૧૩ પર છે. ટોપ-૨૦ શહેરોમાં મધ્ય પ્રદેશનું ઈન્દોર, ભોપાલ, છત્તીસગઢનું રાયપુર, ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ, મહારાષ્ટ્રનું પુણે, નવી મુંબઈ અને ગ્રેટર મુંબઈ સહિત ૭ શહેરો સામેલ છે. આ વાત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા ઈધ ઓફ લિવિંગ ઈન્ડેક્સ અને મ્યુનિસિપલ પર્ફોમન્સ ઈન્ડેક્સ ૨૦૨૦માં સામે આવી છે.

ઈઝ ઓફ લિવિંગ ઈન્ડેક્સમાં ૧૧૧ શહેરોનો સર્વે સામેલ છે. તેમાં ૪૯ શહેર ૧૦ લાખથી વધારે વસ્તીવાળા (મિલિયન પ્લસ) છે. જ્યારે ૬૨ શહેર ૧૦ લાખથી ઓછી વસ્તી વાળા છે.

મ્યુનિસિપલ પરફોર્મન્સ ઈન્ડેક્સના આધાર પર ઈન્દોર દેશમાં નંબર-૧ શહેર છે. આ ઈન્ડેક્સને ૧૧૪ નગર નિગમના ૨૦ સેક્ટર અને ૧૦૦ ઈન્ડિકેટરના આધાર પર બનાવવામાં આવ્યું છે. તેમાં મિલિયન પ્લસ શહેરોમાં ઈન્દોર, સુરત અને ભોપાલ ટોપ-૩માં રહેલા છે. જ્યારે ઓછી વસ્તી કે શહેરી નિગમમાં નવી દિલ્હી, તિરુપતિ અને ગાંધીનગર ટોપ-૩ શહેર છે.

શહેરની આર્થિક ક્ષમતાના આધાર પર બેંગલુરુ, દિલ્હી, પુણે, અમદાવાદ અને થાણે દેશના ટોપ-૫ શહેર છે. આર્થિક સ્તર પ્રમાણે દિલ્હી નંબર-૧ છે. ત્યારપછી બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈનો નંબર આવે છે. સસ્ટેનિબિલિટીમાં પુણે, વિશાખાપટ્ટનમ, પિંપરી ચિંચવાડ, અમદાવાદ અને ગ્વાલિયર ટોપ શહેરો માં છે. પર્યાવરણ પ્રમાણે ટોપ-૧૦ શહેરોમાં એકલા તમિલનાડુના ૬ શહેર સામેલ છે.

સિટિઝન્સ પરસેપ્શનના મામલે ભુવનેશ્વર દેશનું સૌથી સારુ શહેર છે. ત્યારપછી સિલવાસા, દેવનગેરે, કાકીનાડા, બિલાસપુર અને ભાદલપુરનો નંબર આવે છે. સિટિઝન્સ પરસેપ્શન સર્વેમાં ૧૧૧ શહેરોના ૩૨.૫ લાખ લોકોનો ફિડબેક લેવામાં આવ્યો છે.

**૧૦ લાખથી વધુ વસતીવાળા શહેરોની યાદી**

| ક્રમ | શહેર | સ્કોર |
|---|---|---|
| 1. | બેંગલુરૂ | ૬૬.૭૦ |
| 2. | પૂણે | ૬૬.૨૭ |
| 3. | અમદાવાદ | ૬૪.૮૭ |
| 4. | ચેન્નાઈ | ૬૨.૬૧ |
| 5. | સુરત | ૬૧.૭૩ |
| 6. | નવી મુંબઈ | ૬૧.૬૦ |
| 7. | કોઈમ્બતુર | ૫૯.૭૨ |
| 8. | વડોદરા | ૫૯.૨૪ |
| 9. | ઈન્દોર | ૫૮.૫૮ |
| 10. | ગ્રેટર મુંબઈ | ૫૮.૨૩ |

**૧૦ લાખથી ઓછી વસતીવાળા શહેરોનું રેકિંગ**

| ક્રમ | શહેર | સ્કોર |
|---|---|---|
| 1. | સિમલા | ૬૦.૯૦ |
| 2. | ભુવનેશ્વર | ૫૯.૮૫ |
| 3. | સિલ્વાસા | ૫૮.૪૩ |
| 4. | કાકિનાડા | ૫૬.૮૪ |
| 5. | સેલમ | ૫૬.૪૦ |
| 6. | વેલ્લોર | ૫૬.૩૮ |
| 7. | ગાંધીનગર | ૫૬.૨૫ |
| 8. | ગુરૂગ્રામ | ૫૬.૦૦ |
| 9. | દેવનગેરે | ૫૫.૨૫ |
| 10. | ત્રિચુરપલ્લી | ૫૫.૨૪ |

## ગુજરાતનું દેવું વધીને અધધ...૨,૬૭,૬૫૦ કરોડ થયું



ગાંધીનગર,

ગુજરાત ભલે વિકાસ મામલે ગતિ કરી રહ્યું હોય, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે ગુજરાત પણ દેવાદાર છે. ગુજરાતના માથે કરોડોનું દેવુ છે. વર્ષ ૨૦૧૯- ૨૦ સુધી ગુજરાત પર રૂ. ૨,૬૭,૬૫૦ કરોડનું દેવું થઈ ગયું છે. વિવિધાનસભા ગૃહમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે લેખિતમાં કબૂલાત કરી હતી. તો સાથે એ માહિતી પણ અપાઈ કે, લોન પર સૌથી વધુ વ્યાજ કેન્દ્રીય દેવા પાછળ ચૂકવાય છે. તો ૩૧ માર્ચ ૨૦૨૧ ના ફાઈનાન્શિયલ વર્ષ પછી ગુજરાતનું દેવુ વધીને ૩,૦૦,૯૫૯ કરોડ પર પહોંચી જશે. તો બે વર્ષ બાદ ૨૦૨૩-૨૪ સુધીમાં આ રકમ ૪,૧૦,૯૮૯ કરોડ પર પહોંચી જવાની શક્યતા છે. બે વર્ષમાં ગુજરાતના માથા પરના દેવાની રકમ વધી ગઈ છે.

નાણાંકીય સંસ્થાઓની લોન માટે ૩.૧૫થી ૮.૭૫ ટકા વ્યાજ ચૂકવાય છે. બજાર લોન માટે ૬.૬૮થી ૯.૭૫ ટકા વ્યાજ ચૂકવાય છે. કેન્દ્રીય દેવા માટે ૦થી ૧૩ ટકા વ્યાજ ચૂકવાય છે. તો એનએસએસએફ લોન માટે ૯.૫૦થી ૧૦.૫૦ ટકા વ્યાજ ચૂકવાય છે.

ગુજરાતના માથા પર આટલુ દેવુ કેવી રીતે વધ્યુ તે વિશે જાણીએ તો, મોટાભાગનું દેવુ એક જ વર્ષમાં થયું છે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં કેન્દ્ર પાસેથી લીધેલી લોન, બજાર લોન, પાવર બોન્ડ રૂપે તેમજ નાણાંકીય સંસ્થાઓ તથા બેંકો પાસેથઈ લીધેલી લોન અંતર્ગત આ રૂપિયા વધ્યા છે.

ગાંધીનગર ગુજરાત વિધાનસભા પ્રશ્નોત્તરી દરમિયાન ગુજરાતે અન્ય રાજ્યો પાસેથી કેટલા રૂપિયા લેવાના બાકી છે તે માહિતી પણ મળી હતી. ગુજરાત સરકારે સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે કરોડો રૂપિયા પડોશી રાજ્યો પાસેથી લેવાના બાકી છે. જે મુજબ, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ની સ્થિતિએ મધ્યપ્રદેશ પાસેથી ૪૭૬૪.૩૫ કરોડ રૂપિયા લેવાના બાકી છે. મહારાષ્ટ્ર પાસેથી ૧૬૨૭.૬૬ કરોડ અને રાજસ્થાન પાસેથી ૫૪૨.૧૮ કરોડ રૂપિયા લેવાના બાકી છે. આમ, કુલ ૬૯૩૪.૧૯ કરોડ રૂપિયા ગુજરાતે ત્રણ પાડોશી રાજ્યો પાસેથી લેવાના બાકી છે.

## મોદીની તસવીરો-હોર્ડિંગ્સ દૂર કરવાનો પેટ્રોલ પમ્પ્સને આદેશ

ન્યુ દિલ્હી,

ચૂંટણી પંચે પેટ્રોલ પમ્પ્સને આદેશ આપ્યો છે કે તેઓ ૭૨-કલાકની અંદર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તસવીરો ધરાવતા હોર્ડિંગ્સ દૂર કરે, કારણ કે પાંચ રાજ્યોમાં આ મહિનાના અંતભાગમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને એ માટેની આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તામિલનાડુ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પંચે આ રાજ્યોના તમામ પેટ્રોલ પમ્પ્સને આદેશ આપ્યો છે કે તેઓ વડા પ્રધાન મોદીના ચિત્રો-તસવીરો દર્શાવતી કેન્દ્ર સરકારી યોજનાઓને લગતા હોર્ડિંગ્સ ૭૨-કલાકમાં દૂર કરે. પશ્ચિમ બંગાળની શાસક પાર્ટી તૃણમુલ કોંગ્રેસ પાર્ટીએ કરેલી ફરિયાદને પગલે ચૂંટણી પંચે આ પગલું ભર્યું છે.

## ખેડૂત આંદોલનના સમર્થનમાં ભાજપ સાંસદ રાજીનામું આપશેઃ ટિકૈત



ન્યુ દિલ્હી,

નવા કૃષિ કાયદાઓની વિરુદ્ધ ખેડૂતોના આંદોલનના ૧૦૦ દિવસ પૂર્ણ થવાના છે. આ દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટિકૈતે એક દાવો કરીને ભારતીય જનતા પાર્ટીની ચિંતા વધારી દીધી છે. રાકેશ ટિકૈતનું કહેવું છે કે, આ મહિને આંદોલનના સમર્થનમાં એક બીજેપી સાંસદ રાજીનામું આપશે, જેટલા બીજેપીના સાંસદ છે તેટલા દિવસ આ આંદોલન ચાલું રહેશે. જો કે રાકેશ ટિકૈતે બીજેપી સાંસદના નામનો ખુલાસો નથી કર્યો, પરંતુ અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે.

કેટલાક લોકોનું કહેવું છે કે રાજીનામું આપનારા સાંસદ પશ્ચિમી યૂપીથી હોઈ શકે છે, જ્યારે કેટલાક લોકોનું કહેવું છે કે પંજાબ અથવા હરિયાણાના બીજેપી સાંસદ પોતાનું રાજીનામું આપી શકે છે. એક વાતચીતમાં રાકેશ ટિકૈતે પાર્લામેન્ટ પર મંડી બનાવવાની વાત કહી છે. ટિકૈતે કહ્યું કે, સરકાર કહે છે કે તમે તમારો પાક ક્યાંય પણ વેચી શકો છો અને કોઈ પણ ભાવમાં વેચી શકો છો. આવામાં જ્યાં ખેતી પર કાયદો બન્યો છે એ જ પાર્લામેન્ટની બહાર ખેડૂતોનો પાક વેચવો યોગ્ય રહેશે જેથી યોગ્ય કિંમત મળી શકે. રાકેશ ટિકૈતે એ વાતનું પણ પુનરાવર્તન કર્યું કે, તેઓ પશ્ચિમ બંગાળમાં જઈને આગામી મહિને પંચાયત કરશે.

આ પહેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું હતુ કે, ત્રણેય કાયદા પાછા લેવા અને સ્જ્ઁની ગેરંટીનો કાયદો ના બને ત્યાં સુધી અમારું આંદોલન ચાલું રહેશે. તેમણે કહ્યું હતુ કે, ખેડૂતોને કોઈ ઉતાવળ નથી, પછી ભલે ગમે તેટલો સમય લાગે. અમે વિરોધી પાર્ટીને ના બોલાવી રહ્યા છીએ, ના કોઈને ના કહી રહ્યા છીએ. અમારી સાથે ભાજપના પણ અનેક નેતાઓ છે. પશ્ચિમ બંગાળમાં રેલી કરવાના પ્રશ્ન પર ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું હતુ કે, અમારા પર કોર્ટે કોઈ પ્રતિબંધ થોડો લગાવી રાખ્યો છે, જ્યાં અમારું મન કરશે ત્યાં સભા કરીશું.

તેમણે કહ્યું કે, અમારું નિશાન કેન્દ્ર સરકાર તરફ છે. જ્યારે કાયદા કેન્દ્ર સરકારે બનાવ્યા છે તો પછી કેન્દ્ર જ પાછા ખેંચે, રાજ્ય સરકારોથી અમે કેમ લડીએ? આ પહેલા મુઝફ્ફરનગરની મીરાપુર વિધાનસભા સીટથી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અવતાર સિંહ ભડાનાએ ત્રણેય કૃષિ કાયદાઓ પર કેન્દ્રના વલણનો વિરોધ કરતા પાર્ટીથી રાજીનામું આપી દીધું હતુ. ભડાનાનું કહેવું હતુ કે, તેઓ હંમેશા ખેડૂતોની સાથે ઉભા રહ્યા છે અને આગળ પણ ઉભા રહેશે.

## રાજ્યમાં લાખો બેરોજગારો વચ્ચે RTOમાં કચેરીમાં ૯૮૯ જગ્યાઓ ખાલી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યુ છે. બજેટ સત્રમાં પ્રશ્નોતરી કાળ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા રાજ્યની આરટીઓ કચેરીઓમાં મહેકમ અંગે પૂછાયેલા પ્રશ્નનો સરકારે જવાબ આપ્યો છે. સરકારે કહ્યુ કે ૧,૨૦૩ આરટીઓ કચેરીમાં જગ્યાઓ ભરાયેલી છે જ્યારે ૯૮૯ જગ્યાઓ ખાલી છે.

રાજ્યમાં બેરોજગારીનું પ્રમાણ વધી રહ્યુ છે ત્યારે રાજ્યની આરટીઓ કચેરીમાં ૪૫% જેટલી જગ્યાઓ ખાલી છે. આરટીઓ કચેરીમાં વર્ષોથી મોટાપાયે જગ્યાઓ ખાલી હોવાને કારણે નાગરીકોને વહીવટી કામગીરી સેવાઓ સમયસર મળતી નથી.

અમદાવાદની આરટીઓ કચેરીમાં રાજ્યમાં સૌથી વધુ ૧૫૪ જગ્યાઓ ભરવાની બાકી છે. સુરતમાં પણ ૮૩ જગ્યાઓ ખાલી છે. રાજકોટમાં (૫૭), કચ્છ (૫૪), બનાસકાંઠા (૫૩) અને વલસાડ (૫૧) જગ્યાઓ ભરવાની બાકી છે. આ રીતે રાજ્યમાં લાખો બેરોજગારો વચ્ચે સરકારી નોકરીની રાહ જોતા લોકોની RTO કચેરીમાં ૯૮૯ જગ્યાઓ ખાલી પડી છે. અમદાવાદમાં એક બાજુ સૌથી વધુ ખાલી જગ્યા પડી છે બીજી તરફ સૌથી વધુ જગ્યા પણ અમદાવાદ આરટીઓ કચેરીમાં ભરવામાં આવી છે. અમદાવાદ આરટીઓ કચેરીમાં ૧૮૦ જગ્યાઓ ભરવામાં આવી છે. સુરતમાં ૯૩ જગ્યાઓ ભરવામાં આવી છે. બનાસકાંઠામાં પણ ૮૩ જગ્યાઓ ભરવામાં આવી છે.

## વડાપ્રધાન ૨૬ માર્ચે બાંગ્લાદેશના પ્રવાસ સાથે વિદશ યાત્રાઓ શરૂ કરશે

ન્યુ દિલ્હી,

કોરોનાના કારણે રાષ્ટ્ર પ્રમુખોના વિદેશ પ્રવાસો પર જે રોક લાગી હતી તે હવે પૂર્ણ થવાના સંકેતો મળી રહ્યા છે. આ મહિનાની ૨૬ તારીખે બાંગ્લાદેશના પ્રવાસ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ યાત્રાઓ શરૂ થઈ જશે. ૨૦૨૧ના મે મહિનામાં પીએમ મોદીની યુરોપીય સંઘની યાત્રાને લઈને પણ વિદેશ મંત્રાલયમાં તૈયારીઓ ચાલી રહી છે.

યુરોપીય સંઘની યાત્રાના થોડા સમય બાદ જૂન ૨૦૨૧માં વડાપ્રધાન મોદી ૬-૭ દેશની બેઠકમાં સહભાગી બનવા બ્રિટન જાય તેવી શક્યતા છે. યુરોપીય સંઘ અને બ્રિટનની યાત્રા દરમિયાન વડાપ્રધાન અન્ય કેટલાક દેશોને પોતાના રૂટમાં સામેલ કરી શકે છે.

આ સાથે જ કેટલાક વિદેશી મહેમાનોના ભારત આગમનને લઈને પણ ગંભીર વિમર્શ ચાલી રહ્યા છે. તેમાં સૌથી પહેલા જાપાનના વડાપ્રધાન યોશીહિદે સુગા અને રૂસના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના ભારત આવવાને લઈ ભારતીય વિદેશ મંત્રાલય જાપાન અને રૂસના વિદેશ મંત્રાલયોના સંપર્કમાં છે.

**જોઈએ છે**

ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ કક્ષા (ખ) અનવ્યે સરકાર માન્ય ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓ પાસેથી બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ મમતા કીટ (રૂમાલ મોટા-૨, ગોદડી-૨, હાથ-પગ મોજા-૨, બળોતીયા-૫, ઝબલા-૪, મચ્છરદાની (છત્રી ટાઈપ)-૧, ઘુઘરો-૧, હીમાલીયા સાબુ, લોશન પાવડર-૧, સેનેટરી નેપકીન-૬, સાબુ બોક્સ ૧ ઈત્યાદી) જોડ માં ૧ કીટ નો ભાવ જાહેરાત પ્રસિધ્ધ થયે પછી તુરંતના દીન-૭ માં રજી.એ.ડી.થી મહિલા અને બાળ અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ, રમત ગમત કચેરીની બાજુમાં, પીન કોડ ૩૮૯૦૦૧ ખાતે મંગાવવામાં આવે છે.
ફોન નંબર-૦૨૬૭૨-૨૪૨૮૮૦

જીલ્લા મહિલા અને બાળ અધિકારી
પંચમહાલ, ગોધરા

માહિતી/ગોધરા/૮૩૦/૨૦૨૧

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ




જીલ્લા પંચાયત ચૂંટણીમાં નદીસર-૨૦ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

અમીતકુમાર રયજીભાઈ પરમાર
નદીસર-૨૦
તા.ગોધરા, જી.પંચમહાલ

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ




તાલુકા પંચાયત ચૂંટણીમાં આગરવાડા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

ગીતાબેન લાલસિંગભાઈ પારગી
આગરવાડા
તા.મોરવા(હ), જી.પંચમહાલ

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ




તાલુકા પંચાયત ચૂંટણીમાં કડાદરા બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

ભારતસિંહ રાયસિંહ પટેલ
કડાદરા
તા.મોરવા(હ), જી.પંચમહાલ

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ




જીલ્લા પંચાયત ચૂંટણીમાં મોટીકાંટડી બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

વિનોદભાઈ મનસુખભાઈ ભભોરા
મોટીકાંટડી
તા.મોરવા(હ), જી.પંચમહાલ

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





તાલુકા પંચાયત ચૂંટણીમાં મોટીકાંટડી બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

ભાવુબેન જયેન્દ્રસિંહ રાઉલજી
મોટીકાંટડી
તા.મોરવા(હ), જી.પંચમહાલ

**મતદારોનો આભાર......**

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ




તાલુકા પંચાયત ચૂંટણીમાં ખાનપુર બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

સુરેશકુમાર ભારતસિંહ નાયકા
ખાનપુર
તા.મોરવા(હ), જી.પંચમહાલ

# મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૨૧૦૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૧૦૪ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૧૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૩૩૭૮૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૩૮ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સંતરામપુર નગરપાલિકામાં પ્રમુખની સામે અવિશ્વાસની દરખાસ્ત


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકામાં છ મહિનામાં પ્રમુખની સત્તા આપવામાં આવેલી હતી. પરંતુ છ મહિનાથી કારોબારી અદ્યક્ષની નિમણૂક કરવામાં આવેલી ન હતી. સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી, પરંતુ નગરના વિકાસના કામો ન થતા અને ચૂંટાયેલા સભ્યના વિસ્તારોમાં કામોના થવાના કારણે આજે તમામ સભ્યો ભેગા મળીને નગરપાલિકાના ચીફ ઓફિસરને પ્રમુખસ્વામી અવિશ્વાસની દરખાસ્ત લાવેલા હતા. પરંતુ ભારતીય જનતા પાર્ટીની બહુમતી હોવા છતાંય સંતરામપુર નગરપાલિકામાં અવિશ્વાસની દરખાસ્ત લાવી પડી અવિશ્વાસની દરખાસ્ત માં કોંગ્રેસનો એ પણ સભ્ય સહી કરી નથી. સૌથી મોટી વાત એ છે કે છેલ્લા છ મહિનાની અંદર મહત્વ કા કામો ના ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલી જ નથી. તમામ સભ્યો ભેગા મળીને પ્રમુખસ્વામી આક્ષેપ કર્યો કે પોતાના ખોદી અને મનમાની ચલાવતા હોવાના કારણે અમે અવિશ્વાસની દરખાસ્ત લાગે છે. અવિશ્વાસની દરખાસ્તમાં ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા સભ્યો દિલીપભાઈ બારીયા જીતેન્દ્રસિંહ ઝાલા લીલાબેન ડામોર ભારતીય જનતા પાર્ટીના બહુમતી હોવા છતાંય નગરપાલિકામાં ડખો ઊભો થયો.

# પંચમહાલમાં કલેક્ટર અને પોલિસ અધિક્ષક સહિતના અધિકારીઓ કોરોના વેક્સિનનો બીજો ડોઝ લીધો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં કોરોનો વેક્સિનેશન કાર્યક્રમ અંતર્ગત સિનિયર સિટિઝન્સ અને ૪૫ થી ૬૦ વર્ષના વયજૂથમાં આવતા કો-મોર્બિડ વ્યક્તિઓને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત કરાયા બાદ ગોધરા ખાતે આજથી ફ્રન્ટલાઈન વર્કર્સને રસીનો બીજો ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લા સમાહર્તા અમિત અરોરા, જિલ્લાના પોલિસ વડા ડો. લીના પાટિલ, પ્રાંત અધિકારી વિશાલ સક્સેના, મામલતદાર વિજય આંટિયા સહિતના અધિકારીઓએ રસીનો બીજો ડોઝ લીધો હતો. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ આ પ્રસંગે એક સંદેશમાં જણાવ્યું હતું કે રસીની કોઈ આડઅસર નોંધાઈ નથી ત્યારે આડઅસર અંગેની અફવાઓથી દોરવાયા વિના સરકાર તરફથી આવતી સૂચના અને માર્ગદર્શનને અનુસરીને લોકોએ રસી મૂકાવી પોતાને કોરોના સંક્રમણ સામે સુરક્ષિત કરવા જોઈએ. ઉલ્લેખનીય છે કે જનતામાંથી આ અંગેની શંકા નિર્મૂલ કરવા કલેક્ટર સહિતના વરિષ્ઠ અધિકારીઓએ રસી મૂકાવી વેક્સિનેશન ડ્રાઈવની શરૂઆત કરાવી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મીનાક્ષી ચૌહાણે જણાવ્યું હતું કે ફ્રન્ટલાઈન વર્કર્સને દ્વિતીય ડોઝ આપવા માટે ૧૩ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, પ્રથમ ડોઝ લેવાથી કોઈ કારણોસર વંચિત રહી ગયેલા ફ્રન્ટ લાઈન વર્કર્સ જો રસી મૂકાવવા ઈચ્છે તો આજે અને કાલે તેમને આવરી લેવાશે. આ ઉપરાંત, સિનિયર સિટિઝન્સ તેમજ કોમોર્બિડીટી ધરાવતા ૪૫ વર્ષથી ૬૦ વર્ષની આયુ ધરાવતા વ્યક્તિઓને ૫૪ સેશન્સ સાઈટ અને ૬ ખાનગી સાઈટ પરથી રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવી રહ્યો છે.

## કાલોલ નગરમાં આવેલ નગરપાલિકા કોમ્પલેક્ષ સામેથી પસાર થતાં ડેરોલસ્ટેશન રોડ પર એક ટ્રક બંધ થતાં મોટા વાહનો અટવાયા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ નગરમાં આવેલ નગરપાલિકા કોમ્પલેક્ષ સામેથી પસાર થતાં ડેરોલસ્ટેશન રોડ પર છેલ્લા એક મહિનાથી ભુગેભ ગટર યોજનાનું કાચે થઈ રહ્યુ છે. આવા સિંગલ પટના રોડની એક સાઈડ પર ગટરનાં કામકાજ માં ઉપયોગ માં લેવાતાં સિમેન્ટના ભુગળા પડેલ છે.આ ભુગેભ ગટર યોજનાનું મંદગતિએ ચાલતી કામગીરી સામે આ રોડ પરથી પસાર થતાં રાહદારીઓ અને નજીકના દુકાનદારોને તેમજ નગરજનો ને ધુળ ની ડમરીઓનો સામનો કરવો પડતો હોય છે.આવા વનવે રોડ પર ચાલતી કામગીરીને કારણે આ માગે પર ટ્રાફિક ની સમસ્યાઓ પણ સ્કુલ અને નોકરી વગેના આવન-જાવન સમયે મુશ્કેલી રૂપ નિવડતી હોય છે. બુધવારે સાંજે એક ટ્રક ચાલકની ટ્રક બિલકુલ ભુગર્ભ ગટર યોજનાની કામગીરી સામે બંધ થઈ ગઈ હતી.જેના કારણે આ રોડ પર ચાલતાં કોરીઓના ભારે વાહનોની કતારથી રોડ શો જોવાં મળ્યો હતો. જોકે કાલોલ નગરમાં ભુગેભ ગટરનું કામ કરતાં કોન્ટ્રાક્ટરોની લાપરવાહી પણ જણાય આવતી જોવા મળે છે. કારણકે ઉપયોગમાં લેવાતાં સાધન સામગ્રીઓ અગાઉથી ઠાંસી દેતાં વનવે રોડ પર બેરીકેટ પણ ગણા સમય ખોરવાય જતાં હોય છે.જેને કારણે અકસમાતની સમસ્યાઓ પણ સજોવાનો ભય રહે છે. જ્યારે આવા નગરનાં વિકાસના કામો સામે નગરપાલિકાની પણ રોડ સફાઈની કામગીરી ખાડે પડી હોય તેવું લાગી રહ્યું છે.જેના કારણે ધુળની ડમરીઓ ઊડી નગરજનો અને રાહદારીઓના સ્વાસ્થ્ય સામે જોખમાતી હોય તેવું લાગી રહ્યું છે.જેથી ઝડપી પણે ભુગેભ ગટર યોજનાનું કાચે પુણે થાય અને નગરપાલિકા ના હોદ્દેદારો કામગીરી સામે તસ્લી રાખે અને કામગીરી ચાલે ત્યાં સુધી રોડ સફાઈ થાય તેવી લોક માંગ ઉપસ્થિત થઈ છે.

## લુણાવાડાના નાના સોનેલા ગામે માઈનોર કેનાલમાં ગાબડું પડતા ખેતરોમાં પાણી ફરી વળ્યા

મલેકપુર, લુણાવાડા તાલુકાના નાના સોનેલા ગામેથી પસાર થતી કડાણા ડાબા કાંઠાની સબ માઈનોર કેનાલમાં સવારના ૮ કલાકે માટીની પાળ તુટતા મોટુ ગાબડુ પડયુ હતુ. જેના કારણે હજારો લીટર પાણી આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા.જેના કારણે ખેતરો બેટમાં ફેરવાયા હતા. અને ખેતરમાં વાવેલા ઘઉં, ચણા, મગ સહિતના પાકોને વ્યાપક નુકસાન થવા પામ્યુ હતુ. કેનાલમાં ગાબડું પડતા સિંચાઈ વિભાગની કામગીરી પર પણ સવાલો ઉભા થવા પામ્યા છે.

# ફૂલોના મૂલ્યવર્ધન થકી આવક બમણી કરતા કાલોલના પ્રગતિશીલ ખેડૂત



ગોધરા, કાલોલ તાલુકાના વાછવાડ ગામના સરપંચ તેમજ પ્રગતિશીલ ખેડૂતે ફૂલોના મુલ્યવર્ધન થકી આવક બમણી કરી આસપાસના વિસ્તારના ખેડૂતો માટે અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે. આત્મા પ્રોજેક્ટ કચેરીના સહયોગથી ફૂલોની ખેતીમાં નવીન પ્રવાહો અપનાવી તેઓ આવક બમણી કરવામાં સફળ રહ્યા છે. નિખાલસ અને પ્રકૃતિ પ્રેમી એવા ધર્મેન્દ્રભાઈ પટેલ કાલોલ તાલુકાના વાછવાડ ગામના સરપંચ છે. તેઓ શરૂઆતમાં પરંપરાગત ખેતી કરતા હતા. ધર્મેન્દ્રભાઈએ ૧૦ના તક કક્ષા સુધી અભ્યાસ કરેલો છે. તેમણે ઘણી નોકરીઓમાં પ્રયાસ કર્યા પરંતુ ખેતીનો જીવ હોવાથી ક્યાંય ખેતી જેવું ફાવ્યુ નહી. તેમના પિતા વર્ષો પહેલા ગામના સરપંચ અને મોભી હતા, તે સમયથી તેઓ વૃક્ષો, ફૂલ તેમજ અન્ય ખેતી કરવામાં ખુબ જ રસ ધરાવતા હતા. ગામના સરપંચ હોવાના નાતે તેઓ અન્ય ખેડુતોને સદાય સલાહ-સુચન મદદ આપતા રહેતા હતા. આત્મા પ્રોજેક્ટનો સ્ટાફ ફિલ્ડ વિઝીટમાં હતો ત્યારે ધર્મેન્દ્રભાઈને તેમની સાથે પરિચય થયો. આત્મા કચેરીની કામગીરીની વિગતો જાણતા તેમને રસ પડ્યો. ખેડૂત રસ જુથ (FIG) અંગે માહિતી મળ્યા બાદ તેઓ આત્મા ગૃપમાં જોડાયા. ત્યારબાદ ખેડુત તાલીમ કેન્દ્ર, ગોધરા ખાતે કૃષિમેળામાં જુથના અન્ય ખેડુતો સાથે ભાગ લઈને વિવિધ વિભાગના સ્ટોલની મુલાકાત લઈ પ્રગતિશીલ ખેતી અંગે જરૂરી માહિતી મેળવી. તેમજ અન્ય યોજનાઓનો લાભ લઈને બાગાયતી પાકો અને ખેતીમાં સારી આવક મેળવવાની શરૂ કરી. હાલ, ફૂલોના મુલ્યવર્ધન કરી તેઓ પોતાની બે થી ત્રણ એકર જમીનમાંથી ગુલાબ તેમજ હજારી ગલ, શેવતી, ગલગોટા, લીલી, જરબેરા જેવા વિવિધ ફુલોની ઉગાડે છે. તેમાંથી તેમણે મંડપ ડેકોરેશન, ગાડી ડેકોરેશન, ગુલદસ્તા, ફૂલોના હાર તેમજ માંગણી અનુસારની ફૂલોની બનાવટો બનાવવાનું શરૂ કરી વેચાણની શરૂઆત કરી. તેમાંથી વધારાની આવક શરૂ થઈ. આ ઉપરાંત ધર્મેન્દ્રભાઈ ધાર્મિક અને દુખદ પ્રસંગોને અનુરૂપ ફુલોની બનાવટો વિના મુલ્યે આપીને સમાજ સેવા પણ કરે છે. તેઓએ ઘર આંગણે જ તજ,મરી, સોપારી અને સીંદુરીયો, નાળીયેરી જેવા વૃક્ષો ઉછેરીને ઈકો સિસ્ટમ સંતુલિત રહે તેવા પ્રયત્નો કરી રહ્યા છે. ધર્મેન્દ્રભાઈ આ રીતે ફૂલોની આવક અને તેની બનાવટોમાંથી દિવાળી અને નવરાત્રિ તેમજ લગ્નસરાની સિઝનમાં વેચાણ કરી વર્ષે દહાડે ત્રણથી ચાર લાખની આવક આરામથી મેળવી લે છે. ધર્મેન્દ્રભાઈ આત્મા પ્રોજેક્ટ કચેરી દ્વારા ચાલતી પ્રવૃતિઓની પ્રશંસા કરી અન્ય ખેડૂતોને પણ સંકળાવવા તેમજ કચેરી દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓનો લાભ લેવા સલાહ આપે છે. ગામ અને આસપાસના ઉત્સાહી ખેડુતો પણ તેમના માર્ગદર્શન હેઠળ ફૂલોની ખેતી કરીને નવી આવક ઉભી રહી રહ્યા છે.

## કાલોલ તાલુકાના કાતોલ ગામના આધેડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

કાલોલ, કાલોલ તાલુકાના કાતોલગામનાં દેવપુરા ફળીયાના રહેવાસી નારણભાઈના મોટા પુત્ર એ અગમ્ય કારણો સહ ખેતરમાં જઈને ખેતરમાં આંબાના ઝાડ પર દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો. કાલોલ તાલુકાના કાતોલગામનાં ગામના દેવપુરા ફળીયામાં રહેતા નારણભાઈ પુંજાભાઈ વણકર (ઉ.વ.૫૫) તેમનાં પરિવારજનો સાથે રહેતા હતા. તેમનાં બે પુત્ર અને એક પુત્રી એમ ત્રણ સંતાનો હતાં. જેમાં મોટો પુત્ર આશિષ (ઉ.વ.૨૯) પોતાની પત્ની અને બાળક સાથે રહેતા હતાં. ગુરૂવારના રોજ આશિષ પોતાની પત્ની અને પરીવારજનો ને જણાવ્યા વગર કોઈ કારણોસર બોરૂ રોડ નજીક આવેલા ખેતરમાં આંબાના ઝાડ પર દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. નારણભાઈના ખેતરના સેડામાં પાડોશીએ આંબાના ઝાડ પર આપઘાત કરેલ જોઈને તેનાં પરીવાર ને જાણ કરતાં પરીવારના સભ્યો તાત્કાલિક ખેતરમાં પહોંચી જોતાં તેમનાં ઘરનાં પરિવારજનો એક સભ્ય એ આપઘાત કરી લેતાં પોતાના પરીવાર થી વિખુટા પડી ગયાં હતાં. ઘર પરીવારે દુઃખદ્ઘ ઘટનાની જાણ તેનાં પરીવાર દ્વારા કાલોલ પોલીસને જાણ કરતાં કાલોલ પોલીસ અને ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે દોડી ગયા હતાં. કાલોલ પોલીસ સ્ટેશનના પો.સ.ઈ.એમ.કે.માલવીયા તેમજ તેમની ટીમે પોલીસ પંચક્યાસ કરી વધુ કાર્યવાહી માટે રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાલોલ પોલીસ સ્ટેશનમાં તેના પરીવારના જણાવ્યા અનુસાર ફરીયાદ નોંધી. પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## હાલોલ કંજરી રોડ ભુગર્ભ ગટરની કામગીરી દરમિયાન ખાડાઓ પુરવા બેદરકારીને લઈને રાહદારીઓ પરેશાન

હાલોલ, હાલોલના કંજરી રોડ ઉપર ચાલતી ભુગર્ભ ગટર યોજનાને લઈ કંજરી રોડ મુખ્ય માર્ગ તેમજ સોસાયટીના માર્ગો તોડી ગટર યોજના માટે ખાડા કર્યા બાદ આ ખાડાઓ પુરવામાં કોન્ટ્રાકટરની બેદરકારીને લઈ આ વિસ્તારના રહિશો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

હાલોલ નગરના વિકાસને દયાને લઈ નગરના રહિશોની સુખાકારી માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા નગરમાં ૯૧ કરોડના ખર્ચે ભુગર્ભ ગટર યોજનાનુ કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યુ છે. કંજરી રોડના મુખ્ય માર્ગ ઉપર કામ ચાલી રહ્યુ છે આ વિસ્તારમાં રહેતા લોકો અને રાહદારીઓને અવર જવર કરવા માટે સોસાયટીમાંથી ડાયવર્ઝન આપવામાં આવે છે. આ સોસાયટીમાં ભુગર્ભ ગટરલાઈનનુ કામ થયુ હોવાથી આ સોસાયટીના રસ્તા ખાબડ ખોબડ થઈ ગયા છે. કોન્ટ્રાકટર દ્વારા પાઈપ લાઈન કરવા માટે ખોદેલા ખાડાને બરાબર નહિ પુરતા અને આખા રસ્તામાં પથ્થરો અને માટી થઈ જવાથી આ રસ્તા ઉપરથી પસાર થતાં લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ઉપરાંત વહેલી સવારથી મોડી રાત્રિ સુધી સોસાયટીમાંથી વાહનોની અવર જવર થવાથી આ રસ્તા ઉપર ધુળ ઉડતી હોવાથી સોસાયટીના રહિશો પણ કંટાળી ગયા છે. નગરમાં વિકાસના કામો થઈ રહ્યા હોવાથી લોકો તેને આવકારે છે. પરંતુ ગટરલાઈનુ કામ પુર્ણ થયા બાદ ખોદેલા ખાડાનુ યોગ્ય રીતે પુરાણ નહિ કરાતા નગરની દરેક ગલીમાં ખાડા ખાબચા થઈ ગયા છે. મુખ્ય ઉપર ઉમા સોસાયટી નજીક માટીના ઢગલા કરી રાખ્યા છે જેને લઈ આ વિસ્તારના રહિશોમાં રોષ જોવા મળી રહ્યો છે. ખોદાયેલા રસ્તાઓની બરાબર મરામત કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# રતનમહાલ અને જાંબુઘોડાના જંગલોમાં ૫૦ થી વધુ રીંછ વસાવટ કરી રહ્યા છે

વડોદરા, વિશ્વ વન દિવસ નિમિત્તે માનવ અને પ્રાણીઓ વચ્ચે ઘર્ષણ ઓછુ થાય તે હેતુથી વન વિભાગ દ્વારા એક અઠવાડિયા સુધી વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. જેમાં વન વિભાગના અધિકારીએ કહ્યુ કે, રતનમહાલ અને જાંબુઘોડાના જંગલોમાં ૫૦ થી વધુ રીંછ વસવાટ કરી રહ્યા છે. જો કે રીંછ શરમાળ પ્રાણી હોવાથી આંતરિયાળ જંગલમાં જ રહેવાનુ પસંદ કરે છે એટલે માનવ અને તેની વચ્ચે ઓછા સંઘર્ષ જોવા મળે છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે, જે રસ્તાઓ જંગલ કે સંરક્ષિત વનમાંથી પસાર થાય છે તે રાત્રિના સમયે વાહન ચાલકોએ ખુબ સાવચેતીપુર્વક વાહન ચલાવવુ જોઈએ કારણ કે અહિં રાત્રિ દરમિયાન પ્રાણીઓ ખોરાકની શોધમાં બહાર આવતા હોય છે અને વાહનની ટકકર લાગવાથી તેઓના મોત થાય છે.

તાજેતરમાં જ નારૂકોટ પાસે વાહનની ટકકરથી કુકડીનુ મોત નીપજયું હતુ. રતનમહાલ અને જાંબુઘોડામાં રીંછ અને દિપડાની સંખ્યા વધારે છે પણ તેની સાથે તાડનુ વનિયાર, કાળુ વનિયાર, જંગલી બિલાડી, ઝરખ, જંગલી કુકડા, વગેરે જોવા મળે છે. માનવીય પ્રવૃતિઓને કારણે જંગલ વિસ્તાર ઘટી રહ્યો છે. જેને લઈ હિંસક પ્રાણીઓ અને માનવ વચ્ચેનુ ઘર્ષણ વધ્યુ છે. જેમાં ખાસ કરીને દિપડા સાથે ઘર્ષણના બનાવો વધુ જોવા મળે છે.

રેસ્કયુ થયેલા ૨૯ દિપડાઓને છેલ્લા ૬ મહિનામાં હાલોલ રેસ્કયુ સેન્ટરમાંથી જુનાગઢ સકકરબાગ ઝુ માં મોકલવામાં આવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૫-૦૩-૨૦૨૧, શુક્રવાર, મહા વદ-સાતમ, સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૨૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૫.૦૩.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.):- જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. ઋણથી મુક્ત થશો.
વૃષભ(બ.વ.ઉ.):- સાવચેતીથી કાર્ય કરવું, બીજાના વિશ્વાસમાં આવવું. વ્યવસાયિક યોજનાઓમાં સ્વયંની પ્રતિષ્ઠા અને સન્માનની અનુરૂપ કાર્ય કરવું
મિથુન(ક.છ.ઘ.):- કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે.
કર્ક(ડ.હ.):- વહીવટકર્તાઓ માટે આર્થિક વૃદ્ધિનો યોગ. આધ્યાત્મના કાર્યોમાં સમય પસાર થશે.
સિંહ(મ.ટ.):- વ્યાપારમાં ઉન્નતિ થશે. કુટુંબના સભ્યોનો સહયોગ મળશે. જીવનમાં સ્થાયિત્વનો બોધ રહેશે.
કન્યા(પ.ઠ.ણ.):- મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ, ધર્મ આધ્યાત્મ સંબંધી મંગળ કાર્ય થશે.
તુલા(ર.ત.):- કિુટુંબના સભ્યો પ્રત્યે વિશેષ ધ્યાન આપવું. તમારી બુદ્ધિ અને તર્કથી વ્યાપારમાં સફળતા મળવાની શક્યતા છે.
વૃશ્ચિક(ન.ય.):- કાર્યમાં વ્યસ્તતા વધવાથી કુટુંબના લોકોને સમય નહીં આપી શકો. પોતાના કર્મ પર વિશ્વાસ રાખતાં કર્મ કરો. શત્રુઓની સંખ્યામાં વૃદ્ધિ થશે.
ધન(ભ.ધ.ફ.ઢ.):- મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચનો યોગ. વ્યાપાર, પરિવાર સંબંધી કાર્યોનો વિશેષ યોગ. વિવાદોથી બચવું.
મકર(ખ.જ.):- કુટુંબમાં ઉદાસીનતાનું વાતાવરણ રહેશે. આર્થિક કાર્યમાં ઈચ્છિત પ્રગતિ નહીં થાય. પ્રચાર-પ્રસારથી દૂર રહી કામ કરો.
કુંભ(ગ.શ.સ.):- ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. ભેંટની પ્રાપ્તિ સંભવ છે. સુખદ યાત્રા થવાનો યોગ છે.
મીન(દ.ચ.ઝ.):- આર્થિક સંતોષ રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

# ગરબાડામાં જન ઔષધિ પરિયોજના ૨૯૨૧ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન




ગરબાડા, જન્મદિવસ ૨૦૨૧ પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના અંતર્ગત તારીખ ૧ માર્ચથી ૭ માર્ચ સમગ્ર ગુજરાત ની સાથે ગરબાડા ખાતે પણ ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન જે દર વર્ષે થાય છે. તે પ્રમાણે આ વર્ષે પણ કરવામાં આવી રહ્યું છે. જેમ કે સ્વાસ્થ્ય ચેક અપ જન ઔષધિ પરિયોજના ઉપર ચર્ચા તેમજ ગરબાડાની કન્યાશાળામાં જનઔષધિ ઉપર નિબંધ લેખનની સ્પર્ધાઓ ની સાથે સાથે શાળા ની બાળાઓને જન ઔષધિ ના સેનેટરી પેડ નું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ તે વિશે ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. જન ઔષધિ દિવસ ની ઉજવણીનો મુખ્ય હેતુ જન જન સુધી પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના ની જેનરિક સસ્તી દવાઓ પહોંચે અને વધુમાં વધુ લોકો આ સસ્તી દવાઓ નો લાભ લેતા થાય અને આ બાબતની જાગૃતતા આવે તે સિવાય પણ અનેક એક્ટિવિટી ગુજરાતભરમાં આ સપ્તાહમાં કરવામાં આવી રહી છે. ગરબાડામાં આ એક્ટિવિટી વિપુલ જોષી ના પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી કેન્દ્ર (સ્ટોર) ના માધ્યમથી કરવામાં આવી રહી છે.

# દાહોદના ભારતીય ટ્રાયબલ પાર્ટીના તાલુકા પ્રમુખ/ જિલ્લા ઉપપ્રમુખે આત્મહત્યા ની ચીમકી ઉપચારી


દાહોદ, દાહોદના ભારતીય ટ્રાયબલ પાર્ટીના પ્રમુખ દેવેન્દ્ર ભાઈ મેડાનું વિડીયો થયો વાયરલ આત્યંહત્યાની ચીમકી ઉપચારી એની સંપૂર્ણ જવાબદારી દાહોદના આદિવાસી સમાજના આગેવાનો ને જવાબદાર ઠેહરાવ્યું. જેમાં ભારતીય ટ્રાયબલ પાર્ટીના તાલુકા પ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા જણાવે છે કે મારા ઉમેદવારોને ઉઠાવવામાં આવશે તો એની સંપૂર્ણ જવાબદારી આદિવાસી પરિવાર ના અગ્રણીઓ અને આગેવાનોની રહેશે અને સમાજના અગ્રણીઓ પર આક્ષેપ લગાવવામાં આવ્યા છે. જેમાં મુખ્ય નામ કેતનભાઈ બામણિયા, સિરિશભાઈ બામણિયા અને સંજયભાઈ તથા દાહોદમાં આદિવાસી સમાજમાં ગુજરાતના આગેવાન જેનું નામ રાજુભાઈ વલવાઈનું નામ લીધેલ છે પણ મહત્વની વાત એ છે કે આ બધા નામો દાહોદ જિલ્લામાં પ્રચલિત છે અને એમના નામો ભારતીય ટ્રાયબલ પાર્ટીના પ્રમુખ દ્વારા સા માટે અનેં કેમ લેવામાં આવ્યા છે એની વધુ તપાસ થાય તો ખરી અને સચોટ હકીકત બહાર આવે તેવી શક્યતાઓ છે.

# દાહોદ શહેરમાં વેચાતું કેશવ સુપરધાણા દાળનું પેકેટ મીસબ્રાન્ડેડ નીકળ્યું

દાહોદ, દાહોદ શહેરમાં મીસબ્રાંડેડ ફૂડ પેકેટનું વેચાણ કરતા પડાવ રોડ પરના આર્શીવાદ એન્ટરપ્રાઈઝને આજ રોજ એજયુડીકેટીગ ઓફીસર અને નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવેએ રૂ. ૨૦૦૦ નો દંડ કર્યો છે. આ ઉપરાંત ઉત્પાદક પેઢીને પણ રૂ.૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

દાહોદ નગરપાલિકાના ફૂડ સેફટી ઓફીસર પી.આર. નગરાલાવાલાએ દાહોદ શહેરના બહારપુરા ખાતે આવેલી આર્શીવાદ એન્ટરપ્રાઈઝ ખાતે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. જેમાં કેશવ સુપર ધાણાદાળનું ૫૦ ગ્રામનું પેકેટ ભૂજ ખાતેની લેબરોટરી ખાતે પૃથ્થકરણ માટે મોકલવામાં આવતા આ પેકેટ મીસબ્રાંડેડ હોવાનું જણાયું હતું. નિયમ મુજબ પેકેટ ઉપર FSSAI નો લોગો છાપેલો હોવો જોઈએ. તેમજ પેકીગ ઉપર ન્યુટ્રીશન ચાર્જ હોવો ફરજીયાત છે. જે આ પેકીગ પર ન હોવાથી ઉત્પાદક તેમજ વિક્રેતાને દંડ ફટકારવામાં આવ્યો છે. કેશવ સુપર ધાણાદાળના ઉત્પાદક માલીક ચંપકલાલ શિવરતન કસાટને પણ રૂ.૨૫ હજારનો ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. આર્શીવાદ એન્ટરપ્રાઈઝના અનમોલકુમાર પટેલને પણ રૂ.૨૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# દેશમાં મોદી સરકાર બન્યા બાદ લોકોની સ્વતંત્રતામાં ઘટાડો થયો



વોશિંગ્ટન, મોદી સરકાર વર્ષ ૨૦૧૪થી ભારતમાં શાસન કરી રહી છે ત્યારે અમેરિકાની એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે ભારતમાં આઝાદી ઘટી ગઈ છે. અમેરિકાના વોશિંગ્ટન ખાતે આવેલી થિંક ટેંકે ભારતના ફ્રીડમ સ્કોરને ડાઉનગ્રેડ એટલે કે નીચો કરી દીધો છે. ફ્રીડમ હાઉસના રેંકિંગમાં ભારત પહેલા 'FREE' કેટેગરીના દેશોમાં હતો પરંતુ હવે ભારતના રેંકિંગને ઘટાડીને 'PARTLY FREE' કેટેગરીમાં કરી દેવાયું છે.

અમેરિકન થિંક ટેંક ફ્રીડમ હાઉસે પોતાની રિપોર્ટમાં કહ્યું છે કે ભારતમાં લોકોની સ્વતંત્રતા ઓછી થઈ ગઈ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારત હવે સ્વતંત્ર દેશની જગ્યાએ આંશિક રૂપે સ્વતંત્ર દેશમાં બદલાઈ ગયો છે. નોંધનીય છે કે આ રિપોર્ટમાં પોલિટિકલ ફ્રીડમ અને માનવાધિકારને લઈને ઘણા દેશોમાં રિસર્ચ કરવામાં આવી હતી અને આ રિપોર્ટમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે ભારતમાં વર્ષ ૨૦૧૪માં સત્તાપરિવર્તન બાદ નાગરિકોની સ્વતંત્રતામાં ઘટાડો આવ્યો છે.

ડેમોક્રેસિ અંડર સીઝ નામકન રિપોર્ટમાં ભારતને ૧૦૦માંથી ૬૭ નંબર આપવામાં આવ્યા છે, ગતવર્ષે ભારતને આ રિપોર્ટમાં ૭૧ નંબર આપવામાં આવ્યા હતા. ૨૧૧ દેશોમાં ભારત હવે ૮૩થી ખસીને ૮૮માં નંબર પર પહોંચી ગયું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં સરકારની ટીકા કરનારા લોકોને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. લેખકો અને પત્રકારો પર દબાણ બનાવવામાં આવી રહ્યું છે.

ફ્રીડમ હાઉસની આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી મોદી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર ભેદભાવપૂર્ણ નીતિન અપનાવી રહ્યા છે અને હિંસા વધી ગઈ છે તથા મુસ્લિમો હિંસાના શિકાર થયા છે. ફ્રીડમ હાઉસની રિપોર્ટનું કહેવું છે કે ભારતમાં માનવાધિકાર સંગઠનો પર દબાણ ખૂબ વધી ગયું છે અને નાગરિક સ્વતંત્રતાની પરિસ્થિતિમાં લપડાક જોવા મળી છે. નાગરિક સ્વતંત્રતાની રેટિંગમાં ભારતને ૬૦માંથી ૩૩ અંક આપવામાં આવ્યા છે જ્યારે રાજકીય અધિકારો મામલે ૪૦માંથી ૩૪ અંક આપવામાં આવ્યા છે.

આ રિપોર્ટમાં કોરોના વાયરસકાળમાં લગાવવામાં આવેલા લોકડાઉનની પણ ચર્ચા કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર ભારતમાં જે લોકડાઉન કરવામાં આવ્યું તે ખતરનાક હતું અને તેમાં લાખો શ્રમિકોએ પલાયન કરવું પડ્યું હતું. ફ્રીડમ ઈન ધ વર્લ્ડ' રાજકીય અધિકારો અને નાગરિક સ્વતંત્રતા પર એક વાર્ષિક વૈશ્વિક રિપોર્ટ છે. આ રિપોર્ટમાં એક જાન્યુઆરી ૨૦૨૦થી લઈને ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી ૨૫ પોઈન્ટ માટે ૧૯૫ દેશો અને ૧૫ રાજ્યો પર રિસર્ચ કરવામાં આવ્યુ. રિપોર્ટમાં શામેલ ૧૯૫ દેશોમાંથી માત્ર બેને જ પૉઝિટીવ રેટિંગ આપવામાં આવ્યુ. નાગરિક સ્વતંત્રતામાં ભારતને ૬૦માંથી ૩૩ પોઈન્ટ આપવામાં આવ્યા છે. જ્યારે રાજકીય અધિકારો પર ૪૦માંથી ૩૪ પોઈન્ટ આપવામાં આવ્યા.

# વિશ્વ જન્મજાત ખામી દિવસ નિમિત્તે જિલ્લાને બાળરોગ મુક્ત બનાવવા જિલ્લા વિકાસ અધિકારીનું આહ્વાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે આજ રોજ વલ્ડ બર્થ ડિફેક્ટ દિવસ નિમિત્તે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ કાર્યક્રમના અધિકારીઓ–કર્મચારીઓની કામગીરીને બિરદાવતા સમગ્ર દાહોદ જિલ્લાની ટીમનું પ્રશંસાપત્ર આપી સન્માન કર્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આ દિવસ નિમિત્તે આરબીએસકેની ટીમ દ્વારા જિલ્લામાં જે બાળકોને રોગમુક્ત કરી સ્વસ્થ કરવામાં આવ્યા હતા તેમનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમણે કાર્યક્રમમાં આરોગ્યકર્મીઓને જિલ્લાને બાળરોગ મુક્ત કરવા માટે આહ્વાન કર્યું હતું અને ટીમ સાથે જન્મજાત ખામી ધરાવતા બાળકોને સ્વસ્થ કરવા માટેનો સંકલ્પ પણ લીધો હતો. કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી, આરબીએસકેના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાનપુરના ઉંડાર ગામે ચુંટણીમાં મત આપવા બાબતે ચાર ઈસમોએ લાકડીઓ લઈ ધસી આવી માર મારી ૧૫ હજારની લુંટ ચલાવી

દાહોદ, ધાનપુર તાલુકાના ઉંડાર ગામે ચુંટણીમાં મત આપવા મામલે ચાર જેટલા ઈસમોએ એક મહિલાના ઘરે લાકડીઓ સાથે ઘસી આવી લાકડીઓ વડે માર મારી મહિલાના શરીરે ઈજાઓ પહોંચાડી ઘરના આંગણામાં બાંધી રાખેલ પશુઓ કુલ કિ.રૂ.૧૫,૦૦૦/–ની લુંટ કરી ભારે ધિંગાણુ મચાવી નાસી જતાં ફરિયાદ નોંધાવવામાં પામી છે.

ઉંડાર ગામે રહેતા પરસુ કાળિયા મોહનીયા, પટીભાઈ પરસુ મોહનિયા, અશ્વિન મોહનીયા, અને દલીયો ઉર્ફે ગાંડો મોહનીયા તેમના ગામમાં રહેતા મંજુબેન બીલવાળના ઘરે લાકડીઓ સાથે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમે કોને વોટ આપેલ છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ વડે મંજુબેનને શરીરે માર મારી ઈજાઓ પહોંચાડી ઘરના આંગણે બાંધી રાખેલ બે બકરા, એક પાડો એમ કુલ ૩ પશુઓ કિ.રૂ.૧૫,૦૦૦/–ની લુંટ કરી નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત મંજુબેન હિમરાજભાઈ બીલવાળે આ સંબંધે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ફાયર સેફ્ટી નહીં હોય તેવી શાળાઓની મંજૂરી રદ કરાશે

અમદાવાદ, રાજયમાં હજી પણ ક્યાંક ક્યાંક ફાયર સેફ્ટીનો અભાવ છે જેના લીધે અવારનવાર ક્યાંક ને ક્યાંક આગની ઘટનાઓ ઘટતી રહે છે. એવામાં ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું કે, 'રાજયની તમામ શાળાઓમાં ફાયર સેફ્ટી હોવી જરૂરી છે. રાજયમાં હજુ પણ ૫૧૯૯ શાળાઓમાં ફાયર સેફ્ટી નથી. શાળાઓમાં બાળકો, શિક્ષકો અને સ્ટાફ માટે ફાયરની સુવિધા હોવી અત્યંત જરૂરી છે. જો આ શાળાઓમાં ફાયર સેફ્ટી નહીં હોય તો હાઈકોર્ટ આ શાળાઓની મંજૂરી રદ કરશે.'

આ રીતે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને ફાયર સેફ્ટીના અભાવને લઈને મોટી ફટકાર લગાવી છે. આ સાથે હાઈકોર્ટે જણાવ્યું કે, 'ગુજરાત સરકાર રાજયની સ્કૂલોમાં ફાયર સેફ્ટી અંગે હરિયાણા મોડેલ અપનાવે. આ સાથે જ હોસ્પિટલોમાં ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ અંગે પણ રાજ્ય સરકાર ત્વરિત નિર્ણય કરે.' અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં લાગેલી આગ બાદ કરવામાં આવેલી જાહેર હિતની અરજી મામલે ચાલી રહેલી સુનાવણીમાં હાઈકોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગુજરાત હાઈકોર્ટે રાજયમાં સતત બની રહેલી આગની દુર્ઘટનાઓ મામલે થયેલી અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે સરકારને સળગતા સવાલો કર્યા હતાં. સમગ્ર ગુજરાતમાં અનેક એવી આગની ઘટનાઓ બની છે જેમાં માસૂમોના જીવ ગયા છે ત્યારે આગ લાગે ત્યારે કુવો ખોદવા જેવો ઘાટ ઘડાય છે. ત્યારે ફાયર સેફ્ટીના અમલીકરણ માટે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી અરજી પર સુનવણીમાં હાઈકોર્ટે સરકારને અનેક વેધક સવાલો કર્યા હતાં.

# અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ૭૦ એકરના બદલે ૧૦૭ એકરમાં થશે

અયોધ્યા, ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા હવે રામ મંદિર નિર્માણને લઈને એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રામ મંદિર ૭૦ નહીં પણ ૧૦૭ એકરમાં બનશે. ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે શ્રી રામ જન્મભૂમિ પરિસરની આસપાસ ટ્રસ્ટે વધારે ૭૨૮૫ સ્ક્વેર ફૂટ જમીન ખરીદી લીધી છે.

આ જમીન ખરીદવામાં આવ્યા બાદ રામ મંદિર પરિસરનું નિર્માણ ૧૦૭ એકરમાં કરવામાં આવશે. રામજન્મભૂમિ વિવાદ પર આવેલા નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ૭૦ એકર જમીન મળી હતી. જે પહેલા કેન્દ્ર સરકારને આધિન હતી. પરંતુ હવે ટ્રસ્ટ તરફથી હવે આસપાસની કેટલીક વધુ જમીન ખરીદવામાં આવી છે જેથી કરીને રામ મંદિર પરિષરને ભવ્ય અને વિશાળ સ્વરૂપ આપી શકાય.

શ્રીરામ જન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે રામ જન્મભૂમિ પરિસરમાં લગભગ પાંચ એકર વિસ્તારમાં રામલલ્લાનું મંદિર બનશે. આ ઉપરાંત અન્ય વિસ્તારમાં અનેક નાના મોટા મંદિરો બનાવવામાં આવશે. તીર્થયાત્રાળુઓ માટે પણ અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવશે. તેવી જ રીતે આ પરિસરમાં મ્યુઝિયમ, લાઈબ્રેરી જેવી સુવિધાઓ પણ કરવામાં આવશે. મંદિર બનાવવા માટે પથ્થરો શોધવાનું કામ પણ હાથ ધરી દેવામાં આવ્યું છે.

અયોધ્યામાં તૈયાર થઈ રહેલા ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટે અનેક કંપનીઓ સાથે સમજુતિ કરી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે લાર્સન એંડ ટુબ્રો લિમિટેડને શ્રી રામ મંદિર નિર્માણની પરિકલ્પના અને બાંધકામ માટે નિમવામાં આવી છે. આ ઉપરાંત મંદિર ક્ષેત્રમાં તીર્થયાત્રીઓ માટે સુવિધાઓ/સેવાઓના વિકાસ માટે ક્ષેત્રને વિકસીત કરવા માટે ટાટા કંસલ્ટિંગ એંજિનિયર્સને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કંસકટંસી ને ડિઝાઈન એંડ એંજીનિયરિંહ સાથે ટ્રસ્ટે કરાર કર્યા છે.

# ચુંટણીનુ કામ પતાવી ઘરે જતાં ધાનપુર પંચાયતના કર્મચારીને માર મારતા ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા મનહરસિંહ કેશરસિંહ પલાસને ચુંટણી કામગીરીમાં વાહનો ઉપર ડ્યુટી આપતા નોકરી પતાવી રાત્રિના નવેક વાગ્યાના અરસામાં જીજે–૨૦–એએચ–૭૬૫૯ નંબરની ઈકો ગાડી લઈને તેમનો છોકરો વિપુલ સાથે ઘરે જતા હતા ત્યારે રસ્તામાં જેલસિંગ કાળુ પલાસ, સંજય પર્વત પલાસ, રાહુલ નર્વત પલાસ તથા પર્વત કાળુ પલાસના ઘર આગળથી નીકળતા રસ્તેથી જતા તેઓ રોડ ઉપર ઉભા હતા અને ગાડી રોકી કહેવા લાગેલ કે તમે કયાં ગામનો છો કેમ આ રસ્તેથી આવ્યા તેમ કહી બિભત્સ ગાળો બોલી જેલસિંગ કાળુ પલાસે તેના હાથમાની લાકડી મનહરસિંહ પલાસના માથામાં મારી ચામડી ફાડી નાંખી લોહિલુહાણ કર્યા હતા. તેમજ તેમના છોકરા વિપુલને પણ ગડદાપાટુનો માર મારતા બુમાબુમ કરતા નજીકમાંથી લોકો દોડી આવતા ચારેય જણાઓ છુટ્ટા પથ્થરો મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતા. મનહરસિંહને માથામાં ઈજાઓ થતાં ૧૦૮ બોલાવી સારવાર માટે લઈ જવાયા હતા. આ સંદર્ભે હુમલાખોરો વિરુદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ




તાલુકા પંચાયત ચૂંટણીમાં પીપલીયા-૨૮ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...

સુશિલાબેન સુરેશભાઈ અમલીયાર
પીપલીયા-૨૮
તા.ઝાલોદ, જી.દાહોદ

મતદારોનો આભાર......

ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ

તાલુકા પંચાયત ચૂંટણીમાં ડુંગરી-૯ બેઠકથી અમને સાથ અને સહકાર આપ્યો અને જંગી મતોથી વિજય બનાવવા માટે તમામ સ્નેહીજનો શુભેચ્છકો મિત્રો અને મતદારોનો આભાર માનીએ છીએ...





હડીબેન સુરસિંગભાઈ હઠીલા

સુરસિંગભાઈ હઠીલા
ડુંગરી-૯
તા.ઝાલોદ, જી.દાહોદ

# સુરતમાં ફાયર સેફ્ટીની બેદરકારી બદલ ૩૨ હોસ્પિટલો સીલ કરી દેવાઈ



સુરત, સુરત શહેરમાં સતત બીજા દિવસે ફાયર વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફાયર સેફ્ટી નો અભાવ હોય તેવી હોસ્પિટલો અને કોમ્પલેક્સની દુકાનોમાં સીલ કરવાની કામગીરી મોટા પાયે શરૂ કરવામાં આવી હતી. જેને લઈને શહેરભરમાં ફફડાટ ફેલાયો છે. અગાઉ નોટિસ ફાયરબ્રિગેડ દ્વારા અપાઈ હોવા છતાં ફાયર સેફ્ટીના મુદ્દે કોઈ કામગીરી ન કરનારી ૩૨ જેટલી હોસ્પિટલ, દુકાનો સહિતના કોમ્પ્લેક્સને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ફાયર વિભાગે અલગ-અલગ વિસ્તારોના ફાયર સ્ટેશનના અધિકારીઓ અને સુચના આપી હતી કે, તેમના વિસ્તારમાં જે પણ હોસ્પિટલો હોય તે હોસ્પિટલોની તપાસ કરવામાં આવે અને જ્યાં ફાયરસેફ્ટી નો અભાવ દેખાય તે હોસ્પિટલોને તાત્કાલિક અસરથી સીલ મારવાની કામગીરી કરવામાં આવે. જેને ધ્યાનમાં રાખીને આજે વહેલી સવારથી જ ફાયર વિભાગની અલગ અલગ ટીમ વિવિધ વિસ્તારોમાં જઈને ફાયર સેફ્ટીની સુવિધાનો અભાવ જોવા મળ્યો હતો.તે હોસ્પિટલોને સીલ કરવાની કામગીરી શરૂ કરી હતી.

ફાયર વિભાગે આજે વહેલી સવારે ૩૨ જેટલી હોસ્પિટલો અને સીલ કરવાની કામગીરી કરી હતી. જે હોસ્પિટલોની અંદર ફાયર સેફ્ટીનો અભાવ હતો. તે હોસ્પિટલોને અગાઉ પણ નોટિસ આપવામાં આવી હતી. ફાયર વિભાગે નોટિસમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો કે, હોસ્પિટલના સંચાલકોએ તાત્કાલિક અસરથી ફાયર સેફ્ટીની વ્યવસ્થા પૂર્ણ કરવી જોઈએ. ઘણી એવી હોસ્પિટલ હતી કે, જ્યાં ફાયર સેફ્ટીના સાધનો હતા, પરંતુ તે આગ લાગે ત્યારે તેને યુઝમાં આવી શકવામાં સક્ષમ ન હતા તેવું પણ જાણવા મળ્યું હતું. આવી હોસ્પિટલોને પણ ફાયર વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી હોવા છતાં તેમણે ફાયર સેફ્ટીની પૂર્ણ સુવિધા ઉભી કરી ન હતી. ફાયર વિભાગે એવી તમામ હોસ્પિટલોને સીલ મારવાની કામગીરી કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 163

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરાના સરકારી અનાજનો જથ્થો બારોબાર ગેરવલ્લે કરવાના કૌભાંડનો મુદ્દો વિધાનસભામાં ઉછળતા સખ્ત શિક્ષાત્મક કાર્યવાહીની મંત્રીની ખાતરી

- અગાઉ શહેરા મામલતદાર દ્વારા ત્રણ ઈસમો સામે ફરિયાદનોધાવામાં આવી છે.
- કાયદાકીય રીતે વસૂલવા પાત્ર રકમ ૩ કરોડ ૬૭ લાખ ઉપરાંતની હોવાની ફરિયાદમાં ઉલ્લેખ.
- ગોધરાની ચુંટણી સભામાં મુખ્યમંત્રી એ પણ અનાજ માફિયાઓ સામે સખ્ત કાર્યવાહીનો સંકેત આપ્યો હતો.
- હવે જોવું રહ્યું કે, કેટલા સમયમાં કયા કયા ચહેરાઓ ખુલ્લા પડે છે.

શહેરા,

શહેરા અનાજ ગોડાઉન માંથી બહાર આવેલ કૌભાંડ ને લઈને ગોડાઉન મેનેજરને મુખ્ય આરોપી તેમજ અન્ય બે ઈસમો ને શકદાર તરીકે રાખીને ૩ કરોડ ૬૭ લાખની ફરિયાદ નોંધાયા બાદ આ અનાજ કૌભાંડનો મુદ્દો વિધાનસભામાં ઉછળતા મુખ્યમંત્રી એ સરકારી અનાજ સગેવગે કરવાના કૌભાંડમાં સ્ટેટ ક્રાઈમ બ્રાન્ચને તપાસ સોંપીને સંડોવાયેલા ચમરબંધીઓને પણ છોડાશે નહીં તેઓ જવાબ અપાતા અનાજ માફિયાઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે. જોકે, જીલ્લા ચુંટણી પ્રવાસ દરમ્યાન આવેલા મુખ્યમંત્રી એ સખ્ત કાર્યવાહીનો ઈશારો કર્યો હતો.

એક તરફ શહેરા તાલુકામાં અને નગરમાં ચુંટણીનો માહોલ બરાબર જામ્યો હતો. તેવા સમયે શહેરા તાલુકામાં સરકારી અનાજ કૌભાંડ બહાર આવતાં ભાજપ શરમજનક હાલતમાં મુકાયું હતું. ગરીબ પરિવારોના હકકનું અનાજ માફિયાઓ દ્વારા ઓહીયા કરી જઈને તેઓને અનાજ થી વંચિત રાખવામાં આવ્યાના કૌભાંડ બહાર આવતાં ચુંટણીમાં મતદારો ઉપર આ મુદ્દો અસર ન કરે તે માટે રાતોરાત ફરિયાદનો ધમધમાટ સાથે જવાબદારોએ કાર્યવાહીને ખાતરી આપીને મામલો થાળે પાડી દીધો હતો. દરમ્યાન મુખ્યમંત્રી વિજય રૂપાણી એ ગોધરામાં આયોજીત ચુંટણી સભામાં ભૌતિક ચકાસણીના આદેશો આપીને વહીવટમાં જોં કાંઈ ગરબડ દેખાશે તો સરકાર કડક હાથે કામ લેશેની ઉચ્ચારણો કરતા શહેરાના અનાજ કૌભાંડમાં સામેલ અનાજ માફિયાઓમાં ભયની લાગણી વ્યાપી ગઈ હતી. પોલીસે શરૂ



ચહેરાઓ છે. કોઈ રાજકીય નેતાઓ તો નથી ને તંત્રની મીલીભગતથી કેટલાક સમયથી કૌભાંડ ચાલુ રહ્યું હતું અને કોને લાભદાયી પુરવાર થઈ રહ્યું છે. તેની છેલ્લા કેટલાક દિવસો થી આ કૌભાંડને લઈને પ્રજામાં અનેક ચર્ચાઓએ જોર પકડયું હતું. ત્યારે ગુરૂવારના રોજ ગુજરાત વિધાનસભામાં અનાજ કૌભાડનો મુદ્દો ઉછળ્યો હતો. આક્ષેપોને જવાબ આપતાં મંત્રી જયેશ રાદડીયા એ જણાવ્યું હતું કે, બનાસકાંઠાના પાલનપુર અને શહેરાના સરકારી અનાજ ગોડાઉનમાં ગેરરીતિના મામલામાં સંડોવાયેલા લોકોને પકડવાનો સરકારે નિર્ણય કર્યો છે. અને ગરીબોનું અનાજ ગરીબો સુધી પહોંચાડવા સરકાર કટીબદ્ધ છે. જોકે, ઘઉં અને ચોખાનો જથ્થો સગેવગે કરવાની ઘટનામાં મુખ્યમંત્રી એ સમગ્ર કેસની તપાસ માટે ક્રાઈમ બ્રાંચને સુચના આપી હોવાનો સ્વીકાર કર્યો હતો. આમ, વિધાનસભામાં કોંગ્રેસના કાઉન્ટર જવાબમાં પુરવઠા મંત્રી એ સ્ટેટ ક્રાઈમ બ્રાન્ચને તપાસ સોંપીને કોઈને પણ છોડવામાં નહીં આવે તેવી ખાતરી આપવામાં આવી છે. ત્યારે હવે જોવું રહ્યું કે, કેટલા સમયમાં આ ગોરખધંધામાં સામેલ જવાબદારો સામે સખ્ત કાર્યવાહી થશે. જોકે અગાઉ નોંધાયેલી પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરાયા મુજબ ગોદામો પર અચાનક છાપો મારી ને હાજર જથ્થો તપાસમાં જોતા ૨૬,૫૩૦ બોરિઓની જગ્યાએ ૧૩,૪૦૩ બોરિઓનો હાજર જથ્થો મળી આવ્યો હતો. આમ ૧૩,૧૨૭ બોરીઓનો જથ્થો બારોબાર ગેરવલ્લે થયાનું ધ્યાને આવ્યું હતું. તેજ રીતે ચોખાનો બંધ જથ્થો ગણી જોતા ૧૧,૬૮૯ બોરીઓની જગ્યા એ ૧૦,૩૯૧ બોરીઓ નો હાજર જથ્થો મળી આવ્યો હતો.આમ ૧૨૯૮ ચોખા ની બોરીઓ ની ઘટ સામે આવી હતી. જો ઘઉ અને ચોખાનીની ગેરવલ્લે થયેલ બોરીઓની કિંમત ગણવામાં આવે તો ૧ કરોડ ૮૫ લાખ ની થવા જઈ રહી છે. તેના કારણે રાજ્ય સરકાર ને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. સુનિયોજિત કાવતરૂ ગણી શકાય જે અનુસંધાનમાં ગોડાઉનના ઈન્ચાર્જ મેનેજર કનૈયાલાલ નાગજીભાઈ રોત તેમજ ગોડાઉનમાં તપાસણી કરનાર સી.એ. ટીમ ના પ્રતિનિધિ (વિજય તેવર એન્ડ કંપનીના વિશાલ શાહ રહે, વડોદરા) અને ડોર સ્ટેપ ડિલિવરી કોન્ટ્રાકટર રોયલ ટ્રાન્સપોર્ટ વતી આરીફ નુરૂલ અમીન શેખની વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાઇ હતી.જેમાં કનૈયાલાલ નાગજીભાઈ રોત ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર ને મુખ્ય આરોપી અને બે ઈસમ અનુક્રમે વિશાલ અને આરીફ ને આ કૌભાંડમાં શકદાર તરીકે નો ફરિયાદ નોંધણીમાં ઉલ્લેખ કરાયો હતો.આ અનાજ કૌભાંડમાં એક સરકારી કર્મચારી આરોપી હોવાના કારણે ઈપીકો કલમ ૪૨૦,૪૦૯,૧૨૦ (બી) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ ૩,૭ મુજબનો ગુનો નોંધ્યો હતો. હાલમાં પોલીસે પણ તપાસ શરૂ કરી છે.

## ગોધરા પોલીસ ગ્રાઉન્ડ પાછળ ગીતા સોસાયટીની જીવિત મહિલાનું ખોટા પુરાવાના આધારે પાલિકામાંથી મરણનો દાખલો મેળવાયો

- પાલિકા મરણ દફતરમાં નોંધ થયેલ જીવિત મહિલા એ પાલિકામાં માહિતી અધિકાર હેઠળ પુરાવા માંગ્યા.
- જીવિત મહિલાના મરણ દાખલા બાદ હયાતિઅ ને જીવિત પુરવાર કરવાની લડાઈ શરૂ કરાઈ.

ગોધરા,

ગોધરા નગર પાલિકા વિસ્તારના ગીતા સોસાયટીમાં રહેલા મહિલા જીવિત છે અને વર્ષોથી આ સ્થળે રહે છે. તેવી જીવિત મહિલાના નામની ગોધરા નગર પાલિકાના જન્મ-મરણ વિભાગમાંથી મરણનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. જીવિત મહિલાના મરણના પ્રમાણપત્ર આપવા બદલ મહિલા દ્વારા માહિતી અધિકારી અંતર્ગત મરણ માટે રજુ કરેલ આધાર પુરાવા માંગવામાં આવતાં ખડબડાટ વ્યાપ્યો છે.



ફોર્મ - ૬ FORM - 6
ગુજરાત સરકાર
GOVERNMENT OF GUJARAT
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
DEPARTMENT OF HEALTH AND FAMILY WELFARE
મરણ પ્રમાણપત્ર
DEATH CERTIFICATE
(Issued under Section 12/17 of the Registration of Births and Deaths Act, 1969 and Rule 8 of the Gujarat Registration of Births and Deaths Rules, 2004)

ગોધરા શહેર પોલીસ ગ્રાઉન્ડ પાછળ ગીતા સોસાયટીમાં વર્ષોથી રહેતા હોય તેવા હિરાબેન ભુરાભાઈ બારીયા જે જીવિત અને હયાત છે. તેમ છતાં ગોધરા પાલિકાના જન્મ-મરણ નોંધણી વિભાગ માંથી કોઈ વ્યકિત દ્વારા હિરાબેન ભુરાભાઈ બારીયાના ખોટા આધાર પુરાવા રજુ કરે છે અને જીવિત મહિલા હિરાબેન ભુરાભાઈ બારીયાને તા.૦૩/૦૮/૨૦૨૦ના રોજ મરણ ગયેલ હોવાનું મરણનું પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવેલ છે. જીવિત અને હયાત હિરાબેન બારીયાનું મરણ ગયેલ હોવાનું પ્રમાણપત્ર આપી દેવામાં આવ્યું છે. તેની જાણ હિરાબેન ભુરાભાઈ બારીયાને થતાં તેમના દ્વારા ગોધરા નગર પાલિકા જાહેર માહિતી અધિકારી ચીફ ઓફિસર પાસે જાહેર માહિતી અધિકાર ૨૦૦૫ અતર્ગત માહિતી માંગવામાં આવી છે કે, પાલિકા જન્મ-મરણ સબ રજીસ્ટારના મરણ રજીસ્ટરમાં નોંધાયેલ મરણ પ્રમાણપત્ર નંબર ૦૨૦૨૦૨૦૩૬૧૬૬૧ના ૧૮/૦૮/૨૦૨૦ના મરણના દાખલા માટે મરણ નોંધણી કરાવનારના નામ, સરનામા સાથે કરેલ અરજી ફોર્મ સાથે રજુ કરેલ પુરાવા માંગવામાં આવ્યા છે. ગોધરા નગર પાલિકામાં સામાન્ય રીતે ભ્રષ્ટાચારની બુમો કાયમી રીતે ઉઠતી હોય છે. પરંતુ પાલિકાના જન્મ-મરણ ભ્રષ્ટાચાર વિભાગમાંથી જીવિત મહિલાને મરણ ગયેલ દર્શાવીને મરણનું પ્રમાણપત્ર મેળવી

ગોધરા નગર પાલિકા જન્મ-મરણ રજીસ્ટાર વિભાગમાં ગીતા સોસાયટીમાં રહેતા હિરાબેન ભુરાભાઈ બારીયાને તા.03/ ૦૮/૨૦૨૦ના રોજ મરણ ગયેલ છે. તેવો દાખલો મેળવવા માટે કોઈ લાભ ધરાવતી વ્યકિત દ્વારા ખોટા આધાર પુરાવા એકઠા કરીને ગોધરા પાલિકાના જન્મ-મરણ નોંધણી વિભાગમાં રજુ કર્યા હતા અને જીવિત અને હયાત હિરાબેન ભુરાભાઈ બારીયાના નામ તા.૧૮/૦૮/૨૦૨૦ના રોજ મરણનો દાખલો આપવામાં આવ્યો છે. પાલિકા મરણ નોંધણી રજીસ્ટારમાં મરણની નોંધ સાથેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. તે હિરાબેન ભુરાભાઈ બારીયા સરકારી ચોપડા ઉપર પેન્શનર છે અને નિયમો પ્રમાણે પેન્શન મેળવી રહ્યા છે. ત્યારે જીવિત મહિલના નામથી કોના મેળાપીપણામાં મરણનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું. તેની તપાસ થશે ખરી ? જીવિત મહિલાને પોતાની હયાતી પુરવાર કરવા આંટા ફેરા કરવા પડશે તે જોવાનું રહ્યું.

લેવાના કિસ્સામાં હવે જીવિત મહિલાને પોતાની હયાતી અને જીવિત હોવા માટે લડાઈ લડવાનો વારો આવ્યો છે.

## ૧૦ મહિના બાદ વડોદરા-ગોધરા-દાહોદ મેમુ ટ્રેન શરૂ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ અને દાહોદ જીલ્લાના રેલ્વે મુસાફરો માટે આર્શીવાદરૂપ ગણાતી બે મેમુ ટ્રેન કોરોનાના કારણે ૧૦ મહિના બંધ રહ્યા બાદ આજથી વડોદરા-દાહોદ વાયા ગોધરા મેમુ ટ્રેનનો પ્રારંભ થતાં મુસાફરોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. જોકે, હજુ દાહોદ- આણંદ મેમુ ટ્રેન કાર્યરત નહીં કરવામાં આવતાં મુસાફરો હાલાકી ભોગવી રહ્યા છે. બસની સરખામણીમાં રેલ સુવિધા સસ્તી અને ઝડપી હોવાના કારણે આજેપણ અસંખ્ય મુસાફરો ટ્રેનને પ્રથમ પસંદગી કરે છે. તેમાંય દાહોદ-પંચમહાલ જીલ્લાના રોજીંદા અપડાઉન કરતાં નોકરીયાત, વિદ્યાર્થી તથા વહેપારી વર્ગ હંમેશા ટ્રેન મારફતે પોતાના નિયત સ્થળે જવા માટે મેમુ ટ્રેનનો ઉપયોગ કરે છે. વર્ષોથી ૩ જીલ્લાને સાંકડી લેતી વડોદરા-દાહોદ વાયા ગોધરા મેમુ ટ્રેન તથા આણંદ વાયા ગોધરા થઈ દાહોદ પહોંચતી મેમુ ટ્રેન અસંખ્ય મુસાફરો માટે આર્શીવાદરૂપ બનતા મોટી સંખ્યામાં લોકો અપડાઉન કરતા હતા. પરંતુ ગત વર્ષે કોરોનાના સંક્રમણ વચ્ચે રેલ તંત્રએ આ બે મેમુ ટ્રેન બંધ કરવામાં બંધ કરવામાં આવી હતી. લોકડાઉન ખુલવા છતાં છેલ્લા છ માસ મળીને ૧૦ માસ ઉપરાંતથી બંધ રહેલી આ બે મેમુ ટ્રેનને શરૂ કરવા માટે વાંરવાર ઉચ્ચસ્તરે રજુઆત કરવામાં આવી હતી. કોરોનાના કારણે રેલ વિભાગ દ્વારા મેમુ ટ્રેન બંધ કરતાં રોજીંદા અપડાઉન કરતાં કે મધ્યમવર્ગી મુસાફરો એસ.ટી.બસમાં નાછુટ્કે નાણાંને સમય વેડ્ફીને મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. તેમાંય ગોધરા થી વડોદરા જવા માટે ૧૦૦ રૂપીયા ચુકવવા પડતા હોવાથી વહેલીતકે ટ્રેન શરૂ કરવાની માંગ કરવા છતાં કોઈ નિર્ણય નહીં લેવાતા હાલાકી વેઠી રહ્યા હતા. છેવટે ગુરૂવાર થી દાહોદ-વડોદરા વાયા ગોધરા મેમુ ટ્રેન શરૂ કરવા સાથે રાબેતા મુજબ ગોધરા થી વડોદરાના રૂ.૨૦ ટીકિટ રાખવામાં આવતાં લોકોએ મુસાફરી કર્યાનો આનંદ અનુભવ્યો હતો. પરંતુ બીજી અગત્યની દાહોદ-આણંદ મેમુ ટ્રેન હજુ પણ કાર્યરત કરવામાં નહીં આવતાં આણંદ-વિદ્યાનગર અપડાઉન કરનાર મુસાફરોમાં કચવાટની લાગણી વ્યાપતા વહેલીતકે આ ઉપયોગી મેમુ ટ્રેન શરૂ કરવાની માંગ કરી હતી. કારણ કે, ડાકોર જતાં દર્શનાર્થીઓ, પાસ હોલ્ડર્સ, શ્રમિકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

## કાલોલના બાકરોલ રોડ રેલ્વે ફાટક નજીક ગાયોના તબેલા દિપડાનો હુમલો

કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ રોડ પર રેલ્વેફાટક નજીક ખેડુતના ગાયોનાં તબેલા પર હિંસક પ્રાણીનો હુમલો કાલોલ બાકરોલગામના ખેડુતના તબેલા પર રાત્રીના સમયે હિંસક પ્રાણીએ હુમલો કરી એક ગાયને ફાડી ખાધી.

કાલોલ બાકરોલ ગામમાં પહેલી વાર દિપડાના સંકેત મળતાં ગામનાં રહીશો બન્યા ભયભીત. કાલોલ તાલુકાના બાકરોલગામના એક ખેડુત કાલોલ-બાકરોલ રોડ પરના રેલ્વેટ્રેકનાં થોડાં અંતરમાં આવેલ ખેડુત પશુપાલકના તબેલામાં અંદાજીત નાનાં મોટાં કુલ ૫૦ જેટલાં પશુ છે. બાકરોલ ગામનાં ખેડૂત પશુપાલક પશુનું પાલન કરી રોજનાં બે ટંકનું ૧૦૦ લીટર જેટલું દુધનું વેચાણ કરી પોતાના ઘરનું પોષણ કરતાં હતાં. પરંતુ જ્યારે આવાં દુધાળા પશુના પાલકો પર અચાનક આપતી આવી પડતાં ખેડુત હતાસ થઈ ગયાં હતાં. એવું જ કાંઈક બાકરોલ ગામનાં સીમમાં રહેતા એક ખેડુતના તબેલા પર ૫૦ થી વધું ગાયોનું



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

પાલન પોષણ કરતાં પશુપાલકના તબેલા પર ગત રાત્રીએ અચાનક હિંસક પ્રાણીએ દિવાલની છંલાગ મારી તબેલા માં નજીકમાં બાંધેલી ગાયો પર તરાફ મારી હતી. હિંસક પ્રાણીએ ગાય પર હુમલો કરી ગાયનાં શરીરનાં આગળના ભાગે બચકું ભર્યું હતું. આવા આદમખોર હિંસક પ્રાણીએ શરીરનાં ભાગને ફાંસી ખાધો હતો. વહેલી સવારે પશુપાલક તબેલા માં જતાં ગાયને મુત હાલતમાં જોયું તો હિંસક પ્રાણીએ હુમલો કર્યો હોય તેવું જણાતાં પશુપાલક એ ફોરેસ્ટ વિભાગને જણાવ્યું હતું. ફોરેસ્ટ વિભાગ દ્વારા તાત્કાલીક ખેડુત પશુપાલક ના તબેલા પર પહોંચી પુષ્ટિ કરી હતી.ફોરેસ્ટ વિભાગની પુષ્ટિમાં નજીક નાં ખેતરમાં જોવાં મળતાં પગેરૂં દિપડાના હોવાનું જણાવતાં નજીકના લોકોમાં ભયનો માહોલ છવાયો ગયો હતો. જ્યારે હિંસક પ્રાણીનો શિકાર બનેલ ગાય દુધાળી હોય અને એક ટંકનું અંદાજીત ૧૫ લીટર દૂધ આપતી હોવાનું જણાવ્યું હતું. જેથી હિંસક પ્રાણીના વિકારથી પશુપાલક ની આવક પર ફટકો પડતાં પશુપાલક હતાશ થઈ ગયા હતાં. જ્યારે આસપાસના વિસ્તારમાં પણ પહેલી વાર દિપડાના સંકેત જણાતાં નજીકના લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૦૫ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના નવા ૦૫ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૦૫૦ થવા પામી છે. જ્યારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૫૬ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે મળી આવેલ તમામ કેસો શહેરી વિસ્તારોમાંથી મળી આવ્યા છે.જેમાં ગોધરા શહેરમાંથી ૦૩ અને હાલોલમાંથી ૦૨ કેસ મળી આવ્યો છે. આજે ૦૧ વ્યક્તિને સાજા થતા સારવાર બાદ રજા આપવામાં આવી હતી. આ સાથે કુલ ૩૮૫૩ વ્યક્તિઓને રજા અપાઈ છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૬૮ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૮૨ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૮૫૩ થવા પામી છે.

## વિંઝોલ ખાતે ૧૩ માર્ચે મુખ્યમંત્રી કરશે શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા


ગોધરા,

આ પ્રસંગે આભાર માનતા એન.એસ.એસ કોર્ડિનેટર ડો.નરસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, એન.એસ.એસ. ખડે પગે રહી સમગ્ર કાર્યક્રમની સફળતા માટે પ્રતિબધ્ધ છે અને યુનિ.ના નવીન બિલ્ડીંગ માટે સતત પ્રયત્નશીલ એવા કુલપતિની દીર્ઘદ્રષ્ટિ માટે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. કે જે પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર અને વડોદરાના ૦૫ જિલ્લામાં ફેલાયેલી છે અને અંદાજે ૯૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપી રહી છે. તેના નવીન ભવનના ખાત મુહૂર્ત માટે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જ્યારે ગોધરા નજીક વીંઝોલ ખાતે પધારનાર છે. ત્યારે આ પ્રસંગને યાદગાર બનાવવા યુનિ. એ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે અને ૫૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ મુખ્યમંત્રીના સ્વાગત માટે થનગની રહ્યા છે.

યુનિ. માટે પોતાનું મકાન બનતું હોય અને એમાંયે સોનામાં સુગંધ ભળે તેમ મુખ્યમંત્રી પધારવાના હોય ત્યારે યુનિ. એ પણ માઈક્રો લેવલે કામગીરી શરૂ કરી દીધી છે. જે અંતર્ગત આજે વાઈસ ચાન્સેલર ડો. પ્રતાપસિંહજી ચૌહાણ અને રજિસ્ટ્રાર ડો.અનિલભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં યુનિ. ખાતે ઝીરો ડિફેક્ટ કાર્યક્રમ માટે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ઓ સાથે તાબડતોડ મિટિંગ યોજાઈ ગઈ. જેમાં સંપૂર્ણ શિસ્ત, કાયદો અને વ્યવસ્થા માટે એન.એસ.એસ.ના સ્વયંસેવકોની ભૂમિકાની ચર્ચા કરાઈ હતી.

## પાવાગઢ યાત્રાધામ શકિતપીઠ મંદિર ૮ થી ૧૩ માર્ચ સુધી દર્શનાર્થીઓ માટે બંધ રહેશે



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

પાવાગઢ ખાતે આવેલ મહાકાલી માતાજીનું મંદિર ૫૧ શકિતપીઠ માંનું એક છે. દર વરસે લાખો માઈભક્તો માતાજીના ચરણોમાં શીશ નમાવી માતાજીના આર્શિવાદ મેળવે છે અને મનોકામના પુર્ણ કરે છે. હાલમાં શ્રી કાલીકા માતાજીનું મંદિર તેમજ આસપાસના વિસ્તારનું ડેવલોપમેન્ટનું કામ પુરજોશમાં ચાલું છે. હાલ માતાજીના ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય આખરી તબકકામાં છે. આગામી ચૈત્રી નવરાત્રીમાં માતાજી ના ભક્તો ને કોઈ અગવડ ન પડે અને સુચારૂ રૂપ થી માઈ ભક્તો દર્શન કરી શકે તેના આગોતરા આયોજનના ભાગરૂપે મંદિર તા.૮-૩-૨૧ ના સોમવાર થી તા.૧૩-૦૩-૨૧ના શનિવાર સુધી છ દિવસ માટે માતાજીના દર્શન માઈ ભક્તો માટે બંધ રહેશે. તા.૧૪-૦૩-૨૧ ને રવિવાર થી માતાજીના દર્શન રાબેતા મુજબ ખુલશે. તેની ભાવિક ભક્તો સર્વે નોધ લેવી. મંદિરની વેબસાઈટ www.pawagadhtemple.in ઉપર માતાજીના લાઈવ દર્શન ચાલુ રહેશે.